
સુરેશ ગાંધી

## પાનોલી ઓવરબ્રિજ નજીક સ્ક્રેપ ગોડાઉનમાં વિકરાળ આગ

**કેમિકલ** વેસ્ટના કારણે આગે લીધુ ભયાનક સ્વરૂપ, ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાયા

**ગોડાઉન** પાસેના શ્રમજીવી પરિવારના ઝૂંપડામાં પણ આગ ફેલાતા ઘરવખરી બળીને ખાક

અંકલેશ્વર : અંકલેશ્વર તાલુકાના પાનોલી ઓવરબ્રિજ નજીક આવેલા એક સ્ક્રેપ ગોડાઉનમાં શનિવારે અચાનક આગ ભભૂકી ઊઠતા વિસ્તારમાં ભારે દોડધામ મચી જવા પામી હતી. ગોડાઉનમાં કેમિકલ વેસ્ટ અને અન્ય જ્વલનશીલ સામગ્રીનો જથ્થો સંગ્રહિત હોવાના કારણે આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતુ. ઘટનાસ્થળેથી કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઊંચે સુધી ઉડતા જોવા મળતા આસપાસના વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ પાનોલી ઓવરબ્રિજ નજીક આવેલા સ્ક્રેપ ગોડાઉનમાં બપોરના સમયે અચાનક આગ લાગતા ગોડાઉનમાંથી જ્વાળાઓ ઉઠવા લાગી હતી. આગની જાણ થતા સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ગોડાઉનમાં રહેલા કેમિકલ વેસ્ટ અને પ્લાસ્ટિક સહિતના જ્વલનશીલ કચરાને કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડના બે ફાયર ફાઇટર વાહનો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. ફાયર જવાનોએ પાણી અને ફોમના મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગની તીવ્રતા વધુ હોવાના કારણે કામગીરી દરમિયાન ફાયર જવાનોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આગની જ્વાળાઓ ગોડાઉનની બાજુમાં વસવાટ કરતા એક શ્રમજીવી પરિવારના ઝૂંપડા સુધી પહોંચી જતા ઝૂંપડામાં પણ આગ લાગી હતી.પરિણામે ઝૂંપડામાં રહેલી ઘરવખરી, કપડાં, અનાજ સહિતની દૈનિક ઉપયોગની વસ્તુઓ બળીને ખાક થઈ ગઈ હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ કે ઇજાની માહિતી સામે આવી નથી, જોકે પરિવારને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

આગના કારણે કેટલાક સમય માટે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા સ્થાનિકોમાં ભય ફેલાયો હતો. ફાયર વિભાગે સમયસર કામગીરી હાથ ધરી આગને વધુ વિસ્તારોમાં ફેલાતી અટકાવી હતી.

પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યુ નથી. જોકે શોર્ટ સર્કિટ અથવા કેમિકલ વેસ્ટમાં થયેલી કોઈ પ્રતિક્રિયાને કારણે આગ લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સંબંધિત વિભાગ દ્વારા ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## કેનાલની કામગીરીમાં ડીઝલ ચોરી, વ્યારાના છ સામે ગુનો

**સરકારી** મશીનરીના ઉપયોગ માટે ફાળવાયેલું 120 લિટર ડિઝલ ચોરાઇ ગયું હતું

અંકલેશ્વર : નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની ખોલવડ યાંત્રિક સેક્શનમાં કેનાલ અને કાંસની સફાઈ માટે ઉપયોગમાં લેવાતી સરકારી મશીનરીમાંથી ડીઝલ ચોરી થયાની ઘટના સામે આવતા પોલીસે 6 શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

ફરિયાદી આશિષકુમાર ચંદુલાલ ભોયા, જે સિંચાઈ યાંત્રિક પેટા વિભાગ, સુરતમાં અધિક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવે છે, તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ ખોલવડ સેક્શન હેઠળ હીટાચી, જેસીબી અને અન્ય સરકારી મશીનરી દ્વારા સજોદ, હરીપુરા, માટીયેડ, રવિદ્રા, પાનોલી, સિસોદરા, ગોડાદરા અને પંડવાઈ સહિતના વિસ્તારોમાં કેનાલ સફાઈની કામગીરી ચાલી રહી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે મશીનરી માટે ફાળવવામાં આવેલ અંદાજે 120 લિટર ડીઝલ, જેની કુલ કિંમત રૂ.11800 થાય છે, તેની ચોરી કરવામાં આવી હતી. આ મામલે પોલીસે ક્રીનલ નવીન ચૌધરી, રોહિત રણછોડ ચૌધરી, વિપુલ નવીન ગામીત, દર્શન ભરત ગામીત, અખુલ જગદીશ ચૌધરી અને મેહુલ દેવેન્દ્ર ચૌધરી (તમામ રહે. વ્યારા, જી. તાપી) સામે ગુનો નોંધ્યો છે.

ફરિયાદ મુજબ આરોપીઓએ એકબીજાની મદદગારીથી સરકારી માલિકીના ડીઝલની ચોરી કરી સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડ્યુ હોવાનુ જણાવાયુ છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

## પોલીસ પર હુમલાના કેસમાં હથોડાના વધુ બે ઝડપાયા

પલસાણા : ગઈ તારીખ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ હથોડામાં પોલીસ પર હુમલો થયો હતો. જેમાં વોન્ટેડ બે આરોપીને એલસીબીએ ઝડપી પા ડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં ઉસ્માન ઉર્ફે ઉત્સુ રસુલ મિર્ઝા (ઉંમર વર્ષ-૨૮, ધંધો-ખેતી, રહેવાસી-હથોડા, જુમ્મા મસ્જીદ હવેલી ફળીયું, તાલુકો-માંગરોલ, જિલ્લો-સુરત) અને સફીક રસુલ મિર્ઝા (ઉંમર વર્ષ-૩૨, ધંધો-ખેતી, રહેવાસી-હથોડા, જુમ્મા મસ્જીદ હવેલી ફળીયું, તાલુકો-માંગરોલ, જિલ્લો-સુરત)નો સમાવેશ થાય છે.

ફરાર આરોપીઓને પકડવા પોલીસે ૧૨ જૂનથી ૨૧ જૂન ૨૦૨૬ સુધી ૧૦ દિવસની એક ખાસ ઝુંબેશ શરુ કરી છે. આ સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાંચે ફરાર બે આરોપીને ઝડપી પાડી કોસંબા પોલીસને હવાલે કર્યા હતા.


ઈબ્રાહીમ કાનુ

## આકરા તાપમાં શિયાલજ, પાનસરાના લોકો શેકાયા

**મોટા** બોરસરા નજીક ગેટકોનો તાર તૂટી પડી વીજ લાઇન પર પડતા કલાકો પાવરકટ

હથોડા : શિયાલજ. મોટા બોરસરા. પાનસરા નજીકથી પસાર થયેલ ગેટકો કંપનીની લાઈનના મોટા કેબલ વહેલી સવારે તૂટી પડી ને પસાર થતી વીજ લાઈન પર પડતા મોટા કેબલનો ભાર નહીં ઝીલી શકેલ વીજ લાઈનના કેબલ તૂટી પડતા જુદા જુદા રહેણાંગ વિસ્તાર, ગામો અને ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જ્યારે મસ મોટા ગેટકો કંપનીના કેબલો તૂટી પડતા કેટલાક ખેડૂતોના ખેતરોમાં તાણેલા લાકડાના મંડપોને પણ નુકસાન થવા પામ્યું હતું. ઘટના બાબતે જાણ થતા વહેલી સવારે કંપનીના કર્મચારીઓ દોડી આવી કલાકો સુધી કામગીરી કરીને વીજ પુરવઠો યથાવત કર્યો હતો. ઉનાળા જેવી આકરી ગરમીમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોવાઈ જતા લોકોએ પરેશાની ભોગવવી પડી હતી.

## અંકલેશ્વર ઉદ્યોગ મંડળની 10 બેઠક માટે 20 ઉમેદવાર મેદાને

**વિકાસ**-સહયોગ પેનલ વચ્ચે સીધી ટક્કર

અંકલેશ્વર : એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત ગણાતી અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (એઆઈએ)ની વર્ષ 2026-27 માટેની મેનેજિંગ કમિટીના સભ્યોની ચૂંટણીમાં 10 બેઠકો માટે કુલ 20 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. ચૂંટણીમાં વિકાસ પેનલ અને સહયોગ પેનલ વચ્ચે સીધો જંગ ખેલાવાનો છે.

ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિવસે કુલ 47માંથી 27 ફોર્મ પરત ખેંચાતા હવે માત્ર 20 ઉમેદવારો જ ચૂંટણી જંગમાં બાકી રહ્યા છે.

ચૂંટણીમાં સહયોગ પેનલના 10 અને વિકાસ પેનલના 10 ઉમેદવારો મેદાનમાં છે. ચૂંટણી જનરલ કેટેગરીની ૮ બેઠકો ઉપરાંત કોર્પોરેટ અને રિઝર્વ કેટેગરીની એક-એક બેઠક માટે યોજાશે.

ઉલ્લેખનીય છે કે એઆઈએ ના વહીવટમાં લાંબા સમય સુધી સહયોગ પેનલનો પ્રભાવ રહ્યો હતો, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં વિકાસ પેનલે પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું છે. પાછલી બે ચૂંટણીઓમાં વિકાસ પેનલને નોંધપાત્ર સફળતા મળી હતી, જેના કારણે આ વખતે સહયોગ પેનલ માટે ચૂંટણી પડકારજનક બની રહી છે. હાલની મેનેજિંગ કમિટીમાં સહયોગ પેનલના ૧૪ સભ્યો હતા, જેમાંથી 8 સભ્યોની ટર્મ પૂર્ણ થતા તેમની સંખ્યા 6 પર આવી છે. બીજી તરફ વિકાસ પેનલના 14 સભ્યોમાંથી માત્ર 2 સભ્યોની ટર્મ પૂર્ણ થતા તેમની સંખ્યા 13 રહી છે.પરિણામે વિકાસ પેનલને સત્તા જાળવી રાખવા માટે ઓછામાં ઓછી ૩ બેઠકો જીતવી જરૂરી બનશે, જ્યારે સહયોગ પેનલને ફરી સત્તા હાંસલ કરવા માટે ૯ બેઠકો જીતવાનો કઠિન પડકાર રહેશે.

આ સંજોગોમાં 30 જૂને યોજાનારી ચૂંટણી પર ઉદ્યોગજગતની નજર મંડાઈ છે અને પરિણામો એઆઈએ ના આગામી વહીવટી સમીકરણો નક્કી થશે.

### શાસ્ત્રીરોડ વૃક્ષ તૂટી પડતા કાર દબાઇ

## પ્રથમ વરસાદે બારડોલી પાલિકા પ્રિમોન્સુન કામગીરીની પોલ ખોલી

**૧૫ મીનિટના** વરસાદમાં મુખ્ય રસ્તા પર પાણી ફરી વળ્યાં



બારડોલીઃ દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની વિધિવત શરૂઆત થઈ ચૂકી છે, ત્યારે બારડોલી નગરમાં પડેલા પ્રથમ વરસાદે જ તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખોલી નાખી છે. આજે સવારે માત્ર ૧૫ થી ૨૦ મિનિટ સુધી પડેલા સામાન્ય વરસાદમાં જ નગરના મુખ્ય રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા હતા, જેને પગલે પાલિકાની કામગીરી માત્ર કાગળ પર જ રહી હોવાનો રોષ સ્થાનિકોમાં જોવા મળ્યો છે.

આ પ્રથમ વરસાદ દરમિયાન જ નગરના વ્યસ્ત એવા શાસ્ત્રી રોડ પર એક તોતિંગ વૃક્ષ અચાનક ધરાશાયી થઈ ગયું હતું. આ વિશાળ વૃક્ષ રસ્તા કિનારે પાર્ક કરેલી એક કાર પર પડતા કારને ભારે નુકસાન પહોંચ્યું છે. આ સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેમાં વૃક્ષ પડ્યું તે જ સમયે ત્યાંથી પસાર થતો એક બાઈક ચાલક આબાદ બચી ગયો હતો અને મોટી જાનહાનિ ટળી હતી.

વૃક્ષ ધરાશાયી થવાને કારણે શાસ્ત્રી રોડ પરનો વાહનવ્યવહાર થોડા સમય માટે ખોરવાઈ ગયો હતો અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતા જ નગરપાલિકાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પાલિકાના કર્મચારીઓએ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને તૂટી પડેલા વૃક્ષને માર્ગ પરથી દૂર કર્યું હતું, ત્યારબાદ વાહનવ્યવહાર ફરી પૂર્વવત થઈ શક્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીમાં ટેમ્પોએ રિક્ષાને ટક્કર મારતા વૃદ્ધનું મોત

બારડોલીઃ બારડોલીથી ધુલિયા તરફ જતા રોડ પર આવેલા રૂદ્ર કોમ્પલેક્સ સામે આઇશર ટેમ્પોએ ટક્કર મારતા વૃદ્ધનું મોત થયું હતું જ્યારે રિક્ષા ચાલકને ઇજા પહોંચી હતી. પલસોદ ગામના બાંગ્લાદેશ ફળિયામાં રહેતા અને રિક્ષા ચાલક રાજુભાઇ ભાણાભાઇ મગનભાઇ રાઠોડ (ઉં.વ. ૫૪) શનિવારે સવારે તેમની રિક્ષામાં બારડોલીની સૃષ્ટી સોસાયટીમાં રહેતા રમણભાઇ રણછોડભાઇ પટેલને તેની રિક્ષા નંબરઃ GJ-19 U-4749માં બેસાડી કેરી ખરીદી પરત ફરી રહ્યાં હતા. તે સમયે ધુલિયા ચોકડી પાસે આઇશર ટેમ્પો (નંબરઃ GJ-19 X-6889) ના ચાલકે રિક્ષાને ટક્કર મારતા બંને રસ્તા પર ફેંકાઇ ગયા હતા જેમાં રમણભાઇ પટેલનું ગંભીર ઇજાના કારણે મોત થયું હતું જ્યારે રાજુભાઇ હાલ સરદાર સ્મારક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

### કડોદરામાં શ્વાસ લેવામાં તકલીફ થયા બાદ પ્રૌઢનું મોત

પલસાણા : કડોદરા GIDC પોલીસ મથકની હદમાં રહેતા એક ૪૮ વર્ષીય પ્રૌઢનું અચાનક શ્વાસ લેવાની તકલીફ ઉપડ્યા બાદ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તર પ્રદેશના દેવરીયા જિલ્લાના ટેકનપુરા ગામના વતની અને હાલ પલસાણા તાલુકાના કડોદરા ખાતે શ્રીનિવાસ સોસાયટીમાં આવેલ શ્રી ખોડલ પેલેસના રૂમ નંબર ૨૦૧ માં રહેતા હીરાલાલ ક્ષત્રધારી યાદવ (ઉ.વ. ૪૮) ને ગત તારીખ ૧૯ જૂનના રોજ રાત્રે અગિયારેક વાગ્યાના સુમારે અચાનક શ્વાસ લેવામાં ભારે તકલીફ ઊભી થઈ હતી. તેમને પલસાણા સીએચસીમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ સુરતની નવી સિવિલમાં ખસેડાયા હતા જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતાં.

### પલસાણાના સેઢાવની પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

પલસાણા : પલસાણા તાલુકાના સેઢાવ ગામે ૨૪ વર્ષીય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર મચ્છર મારવાની ઝેરી દવા ગટગટાવી લેતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સુરતની સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ મામલે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે જાણવા જોગ નોંધાઈ છે. પલસાણા તાલુકાના સેઢાવ ગામે રહેતા ૨૪ વર્ષીય સંધ્યાબેન ભરતભાઈ પ્રજાપતિએ ગત તારીખ ૧૮ જૂનના રોજ રાત્રિના સાડા નવ વાગ્યાના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર મચ્છર મારવાની દવા પી લીધી હતી. ઘટનાને પગલે ગંભીર બનેલી પરિણીતાને તેમના પતિ ભરતભાઈ તાત્કાલિક સારવાર માટે સુરતની સ્મીમેર હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ પેશન્ટ ભાનમાં છે.

### માંગરોળના ધોળીકુઇ પાટિયા પાસે અકસ્માતમાં એકનું મોત


વિનોદ મૈસુરીયા

વાંકલ : માંગરોળ તાલુકાના વાંકલ થી મોસાલી જતા માર્ગ પર ધોળીકુઇ પાટિયા નજીક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો.પીકઅપ બોલેરો ગાડી પશુદાણ લઈ ધોળીકુઇ ગામે જઈ રહી હતી ત્યારે સામે થી આવતી મોટરસાયકલ વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં બાઇક ચાલક રોડ પર પટકાતા તેનું કરુણ મોત નીપજ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, ધોળીકુઇ પાટિયા પાસેથી પસાર થઈ રહેલી પીકઅપ બોલેરો નંબર( GJ 19 Z 2672 )એ બાઇક ચાલક ( GJ 19 BN 2248 )ને અડફેટે લીધી હતી.અકસ્માત એટલો તીવ્ર હતો કે બાઇક સવાર સાહીલ રાઠોડ,( મૂળ રહે.તરસાડા,માંડવી, હાલ તડકેશ્વર )ફંગોળાઈને રોડ પર પટકાયો હતો અને ગંભીર ઈજાઓ થવાના કારણે તેનું ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો.

### મોતામાં વીજ કરંટથી ભેંસનું મોત

બારડોલીઃ બારડોલી તાલુકાના મોતા ગામે વીજ કરંટ લાગવાના કારણે એક ભેંસનું મોત નીપજ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બારડોલી તાલુકાના મોતા ગામે પારસી ફળિયામાં આવેલી આંગણવાડીની પાછળ એક DGVCL નો વીજ થાંભલો આવેલો છે. ગઈકાલે તારીખ ૨૦/૦૬/૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૧ વાગ્યાના સુમારે, સ્થાનિક પશુપાલક નાનુભાઈ સોમાભાઈ હળપતિ (ઉં.વ. ૫૨) ની ભેંસ આ વિસ્તારમાં ચારો ચરી રહી હતી. ચારો ચરતી વખતે અચાનક વીજ થાંભલાને સપોર્ટ આપતા લોખંડના તાણિયાના વાયરમાં અકસ્માતે વીજ કરંટ ઉતરી આવતા ભેંસ તેની ઝપેટમાં આવી ગઈ હતી. વાયરમાંથી જોરદાર કરંટ લાગવાને કારણે ભેંસનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અકસ્માત અંગે પશુપાલક નાનુભાઈ હળપતિએ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે જાણવા જોગ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વીજ કંપનીની બેદરકારીને કારણે પશુનું મોત થયું હોવાની ચર્ચાથી સ્થાનિક પશુપાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## કડોદરા ખાતેની કપડાની દુકાનમાં ચોરી કરનાર ચારને ઝડપી લેવાયા

**ચોરીનો** સામાન શનિવારી બજારમાં વેચવા જવાના હોવાની બાતમી મળતા જ પોલીસે કાર્યવાહી કરી

પલસાણા : સુરત ગ્રામ્ય વિસ્તારમાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને વણઉકેલાયેલા ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ દરમિયાન કડોદરા GIDC પોલીસની ટીમને એક મોટી સફળતા મળી છે, જેમાં કપડાની દુકાનમાં રાત્રિ દરમિયાન ચોરી કરનાર ચાર આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. આરોપીઓની પૂછપરછ દરમિયાન અન્ય કેટલાક ગુનાનાં ભેદ ઉકેલાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

મળતી માહિતી અનુસાર, કડોદરા બસ સ્ટેશનની સામે આવેલી એક કપડાની દુકાનમાંથી આશરે સાત દિવસ પહેલા રાત્રે ચોરી થઈ હતી. આ ચોરીમાં સંડોવાયેલા કવાભાઇ ઉર્ફે રવિ બાજુરભાઇ નાનુભાઇ સાથલીયા (ઉંમર ૨૩, રહે. કડોદરા, મૂળ રહે. ગુંદા ગામ, જી. બોટાદ), જીગ્નેશ ઉર્ફે વિપુલ જયંતીભાઇ વાઘેલા (ઉંમર ૨૨, રહે. હલધરૂ ગામ, જી. સુરત, મૂળ રહે. ધરમપુર, જી. વલસાડ), રવિ રાજુભાઇ દયાળભાઇ ભીડભીડીયા (ઉંમર ૨૭, રહે. લસ્કાણા, સુરત શહેર, મૂળ રહે. પાણવી, જી. ભાવનગર) અને સંજય ઉર્ફે ડોળિયો અશોકભાઇ મધુભાઇ બુટીયા (ઉંમર ૨૪, રહે. કાપોદ્રા, સુરત શહેર, મૂળ રહે. મોજીદડ, જી. સુરેન્દ્રનગર)ની પોલીસે ધરપકડ કરી લીધી છે.

આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલા ૮૭,૮૯૨/- ની કિંમતના કપડા તેમજ અન્ય સામાન, ગુનાના કામે ઉપયોગમાં લેવાયેલ ૧૫,૦૦૦/- ની કિંમતનું ટી.વી.એસ. મોપેડ અને આરોપીઓની અંગઝડતીમાંથી મળી આવેલા ૫,૫૦૦/- ની કિંમતના ૩ નંગ મોબાઈલ ફોન મળી કુલ ૧,૦૮,૩૯૨/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે, ચોરી કરનાર ગેંગે વરેલી ખાતે આવેલી વ્રજધામ સોસાયટીના દેવનારાયણ કોમ્પ્લેક્સના એક રૂમમાં ચોરીનો સામાન સંતાડ્યો છે અને તેને તેઓ શનિવારી માર્કેટમાં વેચવા જવા માટે ભેગા થવાના છે. જેના આધારે પોલીસે ત્યાં દરોડો પાડી તમામને પકડી લીધા છે.

## દીયરે ભાભી અને ભાણેજો પર ગાડી ચઢાવવાની ધમકી આપી

હાલ પલસાણાના સુરાલી ગામના દીયરે આંતક મચાવ્યો

બારડોલીઃ બારડોલી તાલુકાના સુરાલી ગામે કૌટુંબિક અદાવતમાં દીયરે પોતાની જ સગી ભાભી, ભત્રીજી અને તેના પુત્રને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનો ચકચારી મામલો સામે આવ્યો છે. આરોપીએ પોતાની કાર નીચે કચડીને ત્રણેયને મંદિરમાં ચપટાવી દેવાની ભયાનક ધમકી આપતા આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

સુરાલી ગામે માર્કેટયાર્ડની પાછળ ર હેતા મીનાબેન સુરેશભાઈ મિશ્રા (ઉં.વ. ૪૪) એ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ગઈ તારીખ ૨૦ જૂન ૨૦૨૬ના રોજ બપોરે આશરે સાડા ચાર વાગ્યાની આસપાસ તેઓ તેમની દીકરી આંચલબેન અને દોહિત્ર ધ્રુવ પાંડે સાથે ઘરની બહાર આવેલી દુકાન પાસે બેઠા હતા. તે સમયે હાલ પલસાણાના સોયાણી ગામે રહેતા તેમના દીયર રામુભાઈ લવમહારાજ મિશ્રા અને પૂનમબેન મિશ્રા પોતાની કાર લઈને ધસી આવ્યા હતા. ત્યારબાદ તેમણે કારની અંદર બેઠા બેઠા જ મીનાબેન, તેમની દીકરી અને માસૂમ બાળકને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ઉશ્કેરાયેલા દીયરે ધમકી આપતા કહ્યું હતું કે, 'આજે તો તમારી ઉપર મારી ગાડી ચડાવી ત્રણેયને મંદીરમાં ચપટાવી મારી નાખીશ'. આરોપીની ધમકીથી ગભરાઈ ગયેલો પરિવાર સામે કંઈ પણ બોલ્યો ન હતો. આરોપી નીકળી ગયા બાદ આ ઘટના બાદ ભયભીત બનેલા મીનાબેન પોતાના સંતાનો સાથે તાત્કાલિક મઢી આઉટ પોસ્ટ ખાતે દોડી ગયા હતા અને નરાધમ દીયર વિરૂદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

## જંબુસરમાં હાઈટેન્શન ટાવરો અંગે ખેડૂતોમાં રોષ

**યોગ્ય** વળતર આપવા માટે માંગણી કરવામાં આવી

ભરૂચ : જંબુસર તાલુકાના અણખી, જાફરપુરા, વાવલી સહિતના અનેક ગામોના ખેડૂતોએ પાવરગ્રીડ કોર્પોરેશન દ્વારા તેમની ખેતીની જમીનમાં ઉભા કરાયેલા 750 કે.વી.ના હાઈટેન્શન ટાવરો માટે યોગ્ય વળતર ન મળતાં રોષ વ્યક્ત કર્યો છે. આ ટાવરો વટામણથી નવસારી તરફ જતી વીજ લાઈનના ભાગરૂપે નાખવામાં આવી રહ્યા છે .

અસરગ્રસ્ત ખેડૂતોનો આક્ષેપ છે કે તેમની સંમતિ વિના અને યોગ્ય વળતર ચૂકવ્યા વિના જમીનમાં ટાવરો ઉભા કરવામાં આવ્યા છે. ટાવરોના કારણે જમીનનો ઉપયોગ, ખેતીની કામગીરી અને ભવિષ્યમાં જમીનની કિંમત પર પ્રતિકૂળ અસર થવાની ખેડૂતોને ચિંતા છે .

ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારે 200% સુધીના વળતર માટેની માર્ગદર્શિકા બનાવી છે. વળતરની રકમ જંત્રી (જમીનની અધિકૃત કિંમત)ના આધારે નક્કી થાય છે, પરંતુ ઘણા કિસ્સાઓમાં ખેડૂતોને આ રકમ અપૂરતી લાગે છે . આ મુદ્દે રાજ્યની વિવિધ જગ્યાએ આંદોલનો થયાં છે, જેમાં ખેડૂત સંગઠનો દ્વારા રેલીઓ અને પદયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું છે .

ખેડૂતોની મુખ્ય માંગણી છે કે સરકાર અને પાવરગ્રીડ કંપનીએ સ્થળ પર સર્વે કરી, નિયમ મુજબ યોગ્ય અને ન્યાયસભર વળતર આપવું જોઈએ. તેમજ ટાવરો અને લાઈનોના કારણે ખેતીને થયેલા નુકસાનનું પણ વળતર ચૂકવવું જોઈએ . ઉલ્લેખનીય છે કે અમુક સ્થળોએ ટાવરો ઉભા કર્યા છતાં ખેતી કાર્યમાં કોઈ અડચણ આવતી નથી, પરંતુ ખેડૂતોને વળતરની પ્રક્રિયા અને રકમ લઈને અસંતોષ છે.

## જમીન પોતાની હતી જ નહીં તો પણ પ્લોટ વેચી 97 લાખ પડાવ્યા

**ભરુચના** ખડકી ફળિયાના રિટાયર્ડ બેંક કર્મીએ પણ ત્રણ પ્લોટ લીધા હતા

ભરૂચ : ભરૂચ જિલ્લામાં રિયલ એસ્ટેટના નામે એક મસમોટું કૌભાંડ સામે આવ્યું છે પ્લોટનું વેચાણ કરવાના નામે બે ઈસમોએ નિવૃત્ત બેંક કર્મચારી અલ્કેશભાઈ દવે સહિત અનેક ખરીદદારોને ગેરમાર્ગે દોરી રૂ.97,15,499ની છેતરપિંડી કરી હોવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ અંગે નબીપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં પોલીસ તપાસમાં આગળ વધી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, ભરૂચના ખડકી ફળીયા સ્થિત સરદાર એપાર્ટમેન્ટમાં રહેતા 68 વર્ષીય અલ્કેશભાઈ ભાનુપ્રસાદ દવે પંજાબ નેશનલ બેંકમાંથી 2018માં હેડ કેશિયર તરીકે નિવૃત થયા હતાં વર્ષ 2016માં તેમણે શ્રી વલ્લભ રેસિડેન્સી નામનો પ્લોટનો પ્રોજેક્ટ મૂકનાર બંસીલાલ લુણાગરીયા (ઉ.વ.48) અને તેમના ભાગીદાર ભાવેશભાઈ ધનજીભાઈ ડોંગા (ઉ.વ.42)નો સંપર્ક કર્યો છે.

બંને ભાગીદારે પોતાને જમીનના વાસ્તવિક માલિકો તરીકે રજૂ કરી ખોટા નકશા અને દસ્તાવેજો તૈયાર કર્યા હતા. તેમણે ખાતરી આપી હતી કે ખરીદી બાદ તાત્કાલિક બાંધકામ કરી શકાય તેમ છે. જેથી તેમણે કુલ ત્રણ પ્લોટનું બુકિંગ કરાવ્યું હતું અને શરત મુજબ 60 હપતા પ્રમાણે 2021 સુધી હપ્તા અને રોકડા મળીને કુલ રૂ.15,65,000ની રકમ બંને ભાગીદારોને ચૂકવી દીધી હતી. જો કે ત્યારબાદ તેમને ખબર પડી હતી કે, જેને અત્યાર સુધી નાણા ચૂકવતા રહ્યાં તેઓ તો ખરેખર જમીનના માલિક જ નથી. તપાસ કરતાં ખબર પડી હતી કે ઠગોએ અન્ય લોકો પાસે પણ પ્લોટના નામે રૂ. 97,15,499ની રકમ લઈ લીધી, પરંતુ પ્લોટના વેચાણ દસ્તાવેજો કરી આપ્યા નહીં.

આ બાબતે અલ્કેશભાઈ દવેની ફરિયાદના આધારે નબીપુર પોલીસે બંસીભાઈ વલ્લભભાઈ લુણાગરીયા અને ભાવેશભાઈ ધનજીભાઈ ડોંગા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Cocktail 2
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Jindagi Once More
Gujarati 02:00pm, 05:00pm, 09:30pm
Toy Story 5-Hindi
11:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

મહુવા વિભાગ પિપલ્સ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ. મહુવા. જિ. સુરત.
વાર્ષિક સાધારણસભાની નોટીસ

આથી સંસ્થાના તમામ સભાસદોને જાણ કરવામાં આવે છે કે આપણી સંસ્થાની એકત્રીસમી વાર્ષિક સાધારણ સભા તા. ૦૫/૦૭/૨૦૨૬ ને રવિવાર રોજ સવારે ૯-૦૦ કલાકે શ્રી બારડોલી પ્રદેશ કોળી પટેલ સમાજ વિકાસ મંડળ ટ્રસ્ટ, માલીબા કોલેજની બાજુમા તરસાડી રાખવામાં આવી છે. જેમાં સભાસદોએ હાજર રહેવા વિનંતી. સંસ્થાના સભાસદોને વાર્ષિક અહેવાલ મોકલવામાં આવ્યા છે. આમ છતાં જે સભાસદોને તે મળ્યા ન હોય તો તેમણે સંસ્થાની ઓફિસમાંથી મેળવી લેવા વિનંતી.
નોંધઃ જે સભાસદોની સિલ્વર જ્યુબિલીની સ્મૃતિભેટ (ચાંદીના સિક્કા) લઈ જવાની બાકી હોય તો તેમણે તા.૩૦/૦૯/૨૦૨૬ સુધીમાં લઈ જવી.
તા. ૨૨-૦૬-૨૦૨૬
મહુવા
વ્યવસ્થાપક કમિટિના આદેશથી
ચંદ્રકાંત સી.મિસ્ત્રી.
મેનેજર